GJSK190012662022

**ફો.કે.નં. ૧૨૩૨/૨૦૨૨**

**ફરિયાદી: શ્રીસરકાર**

**વિરુધ્ધ**

**આરોપી: શંકરભાઈ લુકાભાઈ ગમાર રહે.સાલેરા (કૌશીયા ફળો) તા.પોશીના જી.સાબરકાંઠા**

**કલમ: પ્રોહી. કલમ ૬૫-એ.એ. મુજબ.**

**આંક ૧ તળે હુકમ**

(૧).....ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આરોપીએ ચાર્જશીટમાં વર્ણવેલ મુજબનો પ્રોહી.કલમ **૬૫-એ.એ.** મુજબનો ગુનો કરેલ હોઈ તે રજીસ્ટર કરી તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ઉપરોકત ગુન્હા અંગેનું ચાર્જશીટ કરેલ. આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં પોલીસ તપાસની નકલો વિના મુલ્યે મળ્યાની ખાત્રી કર્યા બાદ **આંક-૦૪** થી તહોમતનામુ ફરમાવેલ છે અને **આંક- ૦૫** થી પ્લી/નિવેદન રેકર્ડ કરતા, આજરોજ આરોપીએ હાજર થઈ કબુલાત પુરશીશ આપેલ હોય અને સ્વૈચ્છિક રીતે ગુન્હો કબુલ કરવા માંગતા હોય. આરોપી સ્વૈચ્છિક રીતે ગુન્હો કબુલ કરવા માંગતા હોય. સ્વૈચ્છિક રીતે અને રાજી ખુશીથી ગુન્હાની કબુલાત કરતા હોય તેમજ **આંક- ૦૬** થી અલગ કબુલાત પુરસીસ રજૂ કરેલ છે. જે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરેલ હોવાની ખાત્રી કરી આ તેમનો પ્રથમ ગુનો હોય અને બાળબચ્ચા વાળા માણસ હોઈ આર્થિક પરીસ્થિતી અને નબળા સંજોગો ધ્યાનમાં રાખી ઓછો દંડ કરવા અરજ કરેલ છે. જેથી આરોપીનો પ્રથમ ગુનો હોય અને બાળ બચ્ચા વાળા માણસો હોઈ આર્થિક પરીસ્થિતી અને નબળા સંજોગો ધ્યાનમાં રાખતા તેમજ **તાજેતરમા જે સુધારા ગુજરાત સરકારશ્રી તરફથી કરવામા આવેલ છે, તે ધ્યાને લેતાં તે મુજબ તા.૦૨ જુલાઈ સને ૨૦૧૯ ના રોજ નોટીફીકેશન નં.GG/65/2019/VDR/10/2009/2061/E-I અન્વયે ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ અન્વયે કલમ ૬૫એએ. સંલગ્ન ૨૦ લીટર સુધી માદક પ્રદાર્થનો જથ્થો નકકી કરવામાં આવેલ હોય અને ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ અન્વયે કલમ ૬૫એએ.ની જોગવાઈ ધ્યાને લેતાં ઓછા જથ્થામાં કેફી પ્રદાર્થ પોતાના કબ્જામાં રાખવા વિગેરે માટેની**

**શિક્ષા બાબત :- કલમ ૬૫ અને ૬૬માં ગમે તે મજકૂર હોય તે છતાં, જે કોઈ વ્યકિત,રાજય સરકારે રાજયપત્રમાં જાહેરનામાથી નિર્દીષ્ટ કર્યા પ્રમાણે જથ્થાથી ઓછા જથ્થામાં હોય તેવો કોઈ કેફી પ્રદાર્થ વેચે, ખરીદે, પોતાના કબ્જામાં રાખે અથવા તેની હેરફેર કરે, તેને દોષિત ઠર્યે, આવા દરેક ગુનાઓ માટે, ૩ વર્ષ સુધીની કેદની અને દંડની સજા પણ થશે.**

(૨).....જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માન,મોભા સાથે જીવી શકે તેવા પ્રયત્ન કરી શકે તેમ છે. આ ઉપરાંત **નામદાર ગુજરાતની વડી અદાલતના ૨૦૦૫ (૧), જી.એલ.એચ. પાના નં.૭૦૯,સ્ટેટ ઓફ ગુજરાત વિરુઘ્ધ નટવરસિંહ હરીચંન્દ્રસિંહ ઠાકોરના કેસમાં ડીવીઝન બેન્ચે એવો સિઘ્ધાંત પરસ્થાપિત કરેલ છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ઘ્યાને લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતા ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની પ્રથા છે.ઉપરોકત ચુકાદામાં પાના નં.૭૨૧ પર પારા નં.૨૧ માં જણાવેલ કારણો તેમજ સદર ચુકાદામાં પરસ્થાપિત થયેલ સિઘ્ધાંતો ઘ્યાને લેતા, સદર ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થાય છે. આરોપીની સ્થિતિ અને સંજોગોને ઘ્યાને લઈ ઓછામાં ઓછી સજા અને દંડ કરવો ન્યાયોચિત જણાય છે.** તેની સાથોસાથ આ પ્રકારના કેસોનો જે ભરાવો અદાલતોમાં થઈ રહેલ છે, તેમજ આ પ્રકારના કેસો ઝડપથી પુરા કરવા સબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી જે અથાગ પ્રયાસો કરવામા આવી રહેલ છે. સાથોસાથ આરોપીએ અદાલત રૂબરૂ મૌખિક રીતે ફરીથી આ પ્રકારે કોઈ જ ગુનો નહી કરવાની ખાત્રી આપેલ હોઈ આરોપી કુટુંબ કબીલાવાળા માણસ હોઈ વધુ આકરો દંડ કે જેલની સજા કરવામા આવે તો આરોપી ઉપર તેના કુટુંબના ભરણપોષણનો આધાર રહેલ હોઈ આરોપી જેલમા જાય તો તેના પરીવારને ભુખે મરવાનો વારો આવે તેવા પણ સંજોગો ઉભા થાય તેમ હોઈ આરોપીને જેલમા મોકલવાનુ ઉચિત જણાતુ નથી, સાથોસાથ જો આરોપીને વધુ દંડ કરવામા આવે તો તેના પરીવારના સભ્યો પાછળ જે રકમ આરોપી ખર્ચી શકે તેમ છે તે રકમ દંડ પેટે સરકારમા ચુકવવાથી પણ આરોપીના પરીવારના સભ્યોને સહન કરવુ પડે તેમ જણાતુ હોઈ વધુ દંડ કરવો પણ ઉચિત જણાતુ નથી, જેથી ઉપર દર્શાવેલ સમગ્ર કારણો ઘ્યાને લેતા આરોપીને સમાજમાં રહી સુધરવાની તક આપવી ન્યાયી જણાતું હોઈ તેમજ તેના પરીવાર માટે પણ આ પ્રકારે હળવાશથી હુકમ કરવાથી ન્યાયનું હીત જળવાશે તેમ જણાતુ હોઈ તેમજ આરોપીની ઉંમર જોતા તેમજ પ્રથમ ગુનો હોઈ તેમજ તેની કબુલાત પુરસીસની હકીકતો અને તેમના ઉપરની પરીવારની જવાબદારી ઉપરોકત કારણોને આધીન કેદની સજા કરવામા આવતી નથી. વધુમાં ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરૂ છું.

# હુકમ

(૧) આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૪૮(૨) અન્વયે પ્રોહી એકટની કલમ ૬૫–એ.એ. ના ગુન્હાના કામે રૂા.૨૦૦/–(અંકે રૂપીયા બસો પુરા)નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા અને જો દંડની રકમ ન ભરે તો ૫ દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે. વધુમાં પ્રોહી. મુદ્દામાલનો કાયદાની પ્રક્રિયા અને જોગવાઈ અનુસાર નાશ કરવો.

આજ રોજ હુકમ તારીખ ૧૨ મી માહે–નવેમ્બર, સને ૨૦૨૨ ના રોજ લોક–અદાલત (સ્પેશીયલ સીટીંગ)માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૨/૧૧/૨૦૨૨.
પોશીના

(સંજય શાંતીલાલ બ્રહમભટ્ટ)
જયુડી.મેજી.ફ.ક.,પોશીના
**કોડ નં:જીજે૦૦૪૯૨**